

## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી માર્ગદર્શન વિષય સંબંધિત પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃતો

‘અમારે’ તો નિર્વિકલ્પતા પણ કરવી નથી; ધ્રુવસ્થળમાં બેસવાથી નિર્વિકલ્પતા પણ સહજ થઈ જાય છે. પહેલાં અભિપ્રાય બરાબર કરવો જોઈએ, પછી પરિણામ પણ બરાબર થવા લાગશે. (૫૫૯)

***

નિત્ય વસ્તુનો જ ભરોસો બરાબર કરવા યોગ્ય છે. (૫૬૪)

***

‘હું ત્રિકાળીતત્ત્વ છું,’ એમાં અહંપણું કરવું એ જ બાર અંગ- ચૌદ પૂર્વનો સાર છે; અંગ પૂર્વમાં આ જ કહેવું છે. (૫૭૧)

***

પ્રશ્ન :- અપરિણામીનો અર્થ શું? - આત્મા, પર્યાય વિનાનો સર્વથા કૂટસ્થ છે?

ઉત્તર :- અપરિણામી અર્થાત્ દ્રવ્યમાં સર્વથા પર્યાય નથી, એમ નથી. પરંતુ પરિવર્તનશીલ- પરિણમન સ્વભાવી પર્યાયને ગૌણ કરીને, ‘હું વર્તમાનમાં પરિપૂર્ણ છું, અભેદ છું,’ - એ રીતે ધ્રુવદ્રવ્ય અને ધ્રુવપર્યાયને - (જેને ‘નિયમસાર’માં કારણશુદ્ધપર્યાય કહી છે એને) લક્ષગત કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

દ્રવ્ય પલટતું નથી, પર્યાય પરિવર્તન કરે છે. જો દ્રવ્ય પરિણમનને પ્રાપ્ત થઈ જાય તો પલટતા એવા દ્રવ્યના આશ્રયે સ્થિરતા થઈ શકે નહિ; અને સ્થિરતા વિના સમ્યગ્દર્શન થઈ શકે નહિ. તેથી જે પરિવર્તન પામે છે તેનું લક્ષ છોડ; અને ધ્રુવ-અપરિણામી ચૈતન્યતત્ત્વ જો એક જ સારભૂત છે, તેનું લક્ષ કર!

પર્યાય પરિણમે છે, તેનું પરિણમન થવા દે! તેની સામે ન જો! પરંતુ તે જ કાળે ‘તું’ પરિપૂર્ણ-અપરિણામી-ધ્રુવતત્ત્વ છે, તેને દેખ!

અહો! ‘હું’ વર્તમાનમાં જ પરિપૂર્ણ-ધ્રુવ-અપરિણામી તત્ત્વ છું! તે વાત જગતના જીવોને રુચતી નથી. અને પ્રમાણના લોભમાં આત્માને જો અપરિણામી માનશું તો પ્રમાણજ્ઞાન નહિ થાય અને એકાંત થઈ જશે, એવી આડ મારીને પર્યાયનું લક્ષ છોડવા ચાહતા નથી. આજ કારણથી તેઓ અપરિણામી ચૈતન્યતત્ત્વને પામતા નથી. (૫૮૦)

***

પર્યાયને તેના સ્વકાળમાં રહેવા દો, એ તે કાળનું સત્ છે; તેમાં ઉપયોગ રોકવો નહિ. (૫૯૭)

***

હર સમયે દ્રવ્યસ્વભાવની અધિકતા રહેવી જોઈએ. જેમ તરણાની ઓથે ડુંગર (પર્વત) દેખાતો નથી, તે રીતે દૃષ્ટિ પરિણામ ઉપર રોકાવાથી પરિણામી ઢંકાઈ જાય છે. (૫૯૯)

***

ક્ષણિકભાવ વ્યક્ત છે તેને ગૌણ કરવો; અને ત્રિકાળીભાવ અવ્યક્ત છે તેને મુખ્ય કરવો. (૬૦૩)

***

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૬ : અંક-૨૮૬, વર્ષ-૨૪, ઑક્ટોબર-૨૦૨૧

## અષાઢ વદ ૧૦, બુધવાર, તા.૧૩-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૮૫ પ્રવચન-૩૩

૮૬. **'એક આત્માનું જ મનન કર.'** 'યોગસાર' છે ને?

**इक्कलउ इदिय रहियउ मण-वय-काय-ति-सुद्धि।**
**अप्पा अप्पु मुणेहि तुहुं लहु पावहि सिवसिद्धि।।८६।।**

'लहु' ને 'फुडु' એવા ઘણા શબ્દો આવે છે. અલ્પકાળમાં તારી મુક્તિ થશે, ભગવાન! **'એકાકી...'** **'इक्कलउ'** નો અર્થ ભાઈએ જરા આવો ક્યો છે. નિર્ગ્રંથ થઈને, એમ. અહીંયાં તો ગુણસ્થાનના ભેદ પણ વ્યવહારમાં જાય છે. એકલું પોતાનું સ્વરૂપ ચિદાનંદ અભેદ, બસ! તેમાં તું એકાકાર થા.

**ક્ત થઈને...'** પાંચ ઈન્દ્રિયથી વિરક્ત થઈને. **'મન વચન કાયાની શુદ્ધિથી તું આત્મા દ્વારા આત્માનું મનન કર.'** ઓહો..! આત્મા આખો પૂર્ણ પ્રભુ, તેનો પૂર્ણ સ્વભાવ, એ સ્વભાવનું જ એકલું ઘોલન કર, ઘોલન કર, એ સ્વભાવનું જ ઘોલન કર. સમજાણું કાંઈ? કોઈ વિકલ્પને સ્પર્શ ન કર. એ સ્વભાવ પૂર્ણ સ્વરૂપ વ્યાપક અસંખ્ય પ્રદેશી, અનંત એમાં જ, એમાં જ ઘોલન કર.

**'આત્મા દ્વારા આત્માનું મનન કર.'** મનનનો અર્થ વિકલ્પની વાત નથી, હોં! મનન એટલે વિકલ્પ, ચિંતા બિલકુલ નહિ. અંતરમાં એવો ને એવો. એકાકાર સ્વરૂપમાં પૂર્ણ એકાકાર (થાય). **'મોક્ષની સિદ્ધિ શીઘ્ર જ કરી શકીશ.'** તને મુક્તિની સિદ્ધિ થઈ જશે. તેનું ફળ મુક્તિ છે. સમજાણું કાંઈ?

**'આત્માનું મનન નિશ્ચિંત થઈને કરવું જોઈએ.'** ગૃહસ્થપણામાં એટલી ચિંતાનો ત્યાગ થઈ શકતો નથી એટલી વાત વિશેષ કરે છે. **'ગૃહસ્થના વ્યવહારધર્મ,...'** વ્યવહારધર્મ, ષટ્ કર્મ. દયા, દાન આદિના વિકલ્પ, **'પૈસા કમાવા,...'** (એ) અર્થ પુરુષાર્થ. **'કામભોગ કરવો,...'** એ કામ પુરુષાર્થ. **'આ ત્રણે કાર્યો માટે મન, વચન, કાયાને ચંચળ અને રાગ-દ્વેષથી પૂર્ણ, આકુળિત રાખવા પડે છે...'** ધર્મ, કામ, અર્થ. મોક્ષ પછી. અહીં તો અત્યારે ત્રણના વિકલ્પ છે ને? અર્થ (અર્થાત્) પૈસા કમાવાનો અશુભરાગ. કામ અશુભ(રાગ) અને ધર્મ શુભ. પણ છે તો શુભ વિકલ્પની ઝાળ.

કોઈ એમ કહે કે, એને પણ ધર્મ કહ્યો છે અને તેને તમે પુણ્ય કહો છો? વળી કેટલાક એમ કહે છે. પણ ભાઈ! એને 'સમયસાર'માં પુણ્ય કહ્યું

છે. પ્રભુ! વ્યવહારધર્મ કહો કે પુણ્ય કહો. નિશ્ચયધર્મ નહિ, વ્યવહારધર્મ. વ્યવહારધર્મ એટલે કે ધર્મ નહિ, ધર્મ નહિ. નથી તેને કહેવું તેનું નામ વ્યવહાર. હવે એને ભાષામાં વાંધા આવે છે. ઓલા આવ્યા હતા ને પંડિત, નહિ? 'તર્કતીર્થ', 'ઝમનાલાલજી'. એને અધર્મ કહ્યું તો કહે, નહિ, નહિ, નહિ. પણ તમને શબ્દમાં શું વાંધો આવે છે? ભગવાનઆત્મા!



મુમુક્ષુ : સાંભળવું ગમતું નથી.

ઉત્તર : અરે..! પણ શું કરવા ન ગમે? પ્રભુ! તારી શાંતિ તને ન ગોઠે અને રાગ ગોઠે, રુચે? તો જાઈશ ક્યાં તું? સમજાણું કાંઈ? જ્યાં સુધી રાગનું પોષાણ અને રુચિ છે ત્યાં સુધી વીર્ય અંતરમાં જવાનું કાર્ય નથી કરી શકતું. સમજાણું કાંઈ? જેવું તેનું સ્વરૂપ સ્વતંત્ર શુદ્ધ છે, એવી અંતરદૃષ્ટિ કરવામાં જો રાગની રુચિ રહી ગઈ અને તેનાથી કાંઈક લાભ છે, કાંઈક લાભ છે, કાંઈક લાભ છે (એમ રહી જશે) તો દૃષ્ટિ ત્યાંથી ખસશે નહિ. એવી વસ્તુ છે. હો, વ્યવહાર હો એની કોણ ના પાડે છે? પણ તેની જો રુચિ રહી ગઈ તો અંતરંગમાં (નહિ જઈ શકાય).

વીર્યનું કામ જ એ છે કે, સ્વરૂપની રચના કરવી. વીર્યનું કામ રાગની રચના કરવી એવું છે જ નહિ. ૪૭ શક્તિ છે, પંડિતજી! ૪૭ શક્તિ આવે છે ને? એમાં એમ લીધું છે, વીર્યગુણ કોને કહે છે? ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવ' કહે છે, વીર્ય, સ્વરૂપની રચના કરે તેને અમે વીર્ય કહીએ છીએ. ભગવાન આત્મા પોતાના અનંત ગુણની નિર્મળ રચના પર્યાયમાં કરે તેનું નામ વીર્ય. રાગરચના (થાય છે) તે વીર્ય પોતાનું વીર્ય છે જ નહિ. છે તો પોતાનો પુરુષાર્થ, હોં! પણ તે કૃત્રિમ છે, દોષ છે માટે ગણવામાં નથી આવ્યો. શાસ્ત્રમાં એમ લીધું છે. ભગવાન! ૪૭ શક્તિનું વર્ણન અલૌકિક વર્ણન છે.

વીર્યગુણનું કાર્ય શું? સ્વરૂપ રચના. તો શું રાગ પોતાનું સ્વરૂપ છે? વ્યવહારરચના એ વીર્યનું કાર્ય છે? સમ્યક્ વીર્ય પોતાનું છે? તેનું કાર્ય છે? આત્માના વીર્યનું તે કામ છે? સમજાણું કાંઈ? આવી વાત બહાર મૂકાય ત્યારે કહે કે, ઘરનો અર્થ કરે છે. એવું કહે છે. ભાઈ! એમ નથી, ભાઈ! એ તો અંદર લખ્યું છે એના ભાવોને ગૂઢપણે છે તેને ખોલીએ છીએ. ખોલ્યા છે, બીજી કાંઈ (નથી), ઘરની એક વાત નથી. આહાહા..! પણ એને અંદર બેઠું ન હોય એટલે સમજાય નહિ એટલે બીજો અર્થ કરે. શું કરે? સ્વતંત્ર જીવ છે. ભાઈ! અનંતકાળ એણે એવું જ કર્યું છે. તીર્થંકરના જીવે એવું કર્યું છે. કેમ પંડિતજી? તીર્થંકરના આત્માએ પહેલા એવું કર્યું હતું ને? પહેલા અજ્ઞાનમાં એવું કર્યું હતું. નવમી ગ્રૈવેયકે ગયા તેણે એવું જ કર્યું હતું. સમજાણું કાંઈ?

(અહીંયાં) કહે છે, **'ગૃહસ્થના વ્યવહારધર્મ,...'** જુઓ! આ વ્યવહારધર્મ કેવો છે? કે, **'મન, વચન, કાયાને ચંચળ અને રાગ-દ્વેષથી પૂર્ણ આકુળિત રાખવા પડે છે...'**

વ્યવહારધર્મમાં આકુળતા છે, વિકલ્પ છે, ભાઈ! '**અને પાંચે ઈન્દ્રિયોના ભોગોમાં ફસાવું પડે છે.**' પર તરફ લક્ષ જાય છે ને?

'**જ્યારે સર્વ ચિંતાઓ મટે ત્યારે જ મન સ્થિર થઈને સંકલ્પ-વિકલ્પરહિત થઈને પોતાના આત્માના શુદ્ધ સ્વભાવનું મનન કરી શકે છે.**' થોડું પણ શલ્ય રહેશે કે, આ આમ, આ આમ (છે). એ શલ્ય મિથ્યાત્વ શલ્ય છે, તો અંદરમાં નહિ જઈ શકે. પરવસ્તુમાં ઉત્સાહિત વીર્ય કામ કરે, રાગમાં, પુણ્યમાં, સંયોગમાં તો તે વીર્ય ત્યાં રોકાઈ ગયું, તે અંતરમાં કામ નહિ કરે. સમજાણું કાંઈ? પહેલા વીર્યમાંથી એ કાઢી નાખવું જોઈએ કે, રાગ અને પરવસ્તુ મને બિલકુલ સહાય નથી કરતા. મારી સહાયક મારી ચીજ છે. સદા સહાયકપણું તેમાં પડ્યું છે. ત્રણકાળ ત્રણલોકમાં કરણ સાધન ગુણ તેમાં રહેલો છે.

મુમુક્ષુ : સમ્યગ્દૃષ્ટિને શુભભાવ તો થાય છે.

ઉત્તર : સમ્યગ્દૃષ્ટિને શુભભાવ થાય છે એ એકાંત બંધનું કારણ છે, એકાંત આસ્રવ છે. કહો! સિદ્ધને આવ્યું ને? 'પ્રવચનસાર'માં આવ્યું, સિદ્ધને એકાંત શુદ્ધતા છે, ન આવ્યું?

મુમુક્ષુ : મિથ્યાદૃષ્ટિને તો બંધનું કારણ પણ સમ્યગ્દૃષ્ટિને તો તે કામના છે?

ઉત્તર : મિથ્યાદૃષ્ટિ.. સમ્યગ્દૃષ્ટિને કામના બિલકુલ નથી. નિમિત્તરૂપ રાગ છે, બીજું કાંઈ નથી. જ્ઞાનધારામાં એ વિઘ્નધારા છે. ભાઈ! એ વિઘ્નધારા છે, ભાઈ! કર્મના લક્ષે ઉત્પન્ન થાય એ તો કર્મધારા છે, એ સ્વભાવધારા નથી. સમકિતીને હો કે મુનિને હો. કાંઈ લાભ નથી. તેનું જ્ઞાન કરવાનો લાભ છે, પ્રમાણજ્ઞાન કરવા. આ નિશ્ચયનું જ્ઞાન થયું (સાથે) રાગનું વ્યવહારનું જ્ઞાન (થયું), પ્રમાણજ્ઞાન થયું, એટલું. વાત તો આ છે, બીજું શું છે? બીજી લાવવી ક્યાંથી? જેવું સત્યનું સ્વરૂપ હોય એવી રીતે આવે કે બીજું આવે? ત્રણકાળ ત્રણલોકમાં સત્યપંથ એક પ્રકારનો છે.

મુમુક્ષુ : સમ્યગ્દૃષ્ટિને કાંઈક લાભ તો ખરો ને!

ઉત્તર : બિલકુલ લાભ નહિ. જેટલો સ્વાશ્રય છે તેટલો લાભ. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ભરત, ઐરાવત કે મહાવિદેહ (હો), પંથ તો એક જ છે.

મુમુક્ષુ : કોઈ રીતે લહતું મૂકાય એમ નથી.

ઉત્તર : તો આ લોહાને મૂકો. થોડું ન પતતું હોય તો થોડું લહતું મૂકો. પણ સત્યમાં લહતું શી રીતે મૂકાય? લહતું એટલે સમજ્યા? પોચું, પોચું, ઢીલું કરો, ઢીલું. આહાહા..! ભગવાન! તારામાં ઢીલાની વાત જ નથી. આહાહા..! તું એકલા વીર્યનો પિંડ છો. જો વીર્યગુણથી જો તો એકલા વીર્યનો પિંડ છે. જ્ઞાનથી જો તો એકલા જ્ઞાનનો પિંડ છે, આનંદથી જો તો એકલો આનંદનો પિંડ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો ગુણપુંજ, ગુણપુંજ આત્મા, ગુણપુંજ આત્મા (છે). કહ્યું ને સિદ્ધાંત પ્રવેશિકામાં? દ્રવ્ય કોને કહે છે? ગુણોના સમૂહને (દ્રવ્ય કહે છે). સમૂહ કહો કે પુંજ કહો. ગુણનો પુંજ, અનંત ગુણનો ઢગલો. હેં? જથ્થો કહે છે? હિન્દીમાં. ઢેર.. ઢેર. અને ગુણ કોને કહે છે? લ્યો, એમાં છે, રાત્રે કહ્યું હતું. ગુણ કોને કહે છે? દ્રવ્યના પૂરા ભાગમાં અને સર્વ હાલતમાં રહે તેને ગુણ કહે છે. એક જ સિદ્ધાંત લઈ લ્યો. તેની કોઈપણ હાલતમાં એ ગુણ કામ કરે છે. ગુણ દરેક હાલતમાં છે. એ હાલતમાં પર છે તો હાલત છે? સમજાણું કાંઈ? આવો સાદો સીધો સિદ્ધાંત છે. ગુણ સર્વ ભાગમાં અને સર્વ હાલતમાં (રહે છે). ગુણભાવ તો પોતાનો છે અને દ્રવ્યનો ભાવ છે, દ્રવ્યમાં ભાવ છે, ક્ષેત્ર એ સર્વ ભાગમાં આવી ગયું, સર્વ હાલતમાં કાળ આવી ગયો. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચારે આવી

ગયા. આહાહા..! શાસ્ત્રકારની કથન પદ્ધતિ જ અલૌકિક! દિગંબર સંતોની પદ્ધતિ જ કોઈ અલૌકિક છે! એક એક શબ્દે આખો સિદ્ધાંત એમાં ભરી દીધો છે. સમજાણું કાંઈ? શ્વેતાંબર શાસ્ત્ર જુઓ તો ક્યાંય આ વાત નથી, આવી વાત નથી. ઈ વાતનું સ્વરૂપ જ ફેરવી નાખ્યું, સ્વરૂપ ફેરવી નાખ્યું. હેં? આ તો સર્વજ્ઞે જોયું, સર્વજ્ઞે કહ્યું, એવું છે, એમ અનુભવમાં આવે છે, એવું જ આવે છે. એવી ચીજ છે. આહાહા..! એ આવી ગયું ને? 'પ્રગટ અનુભવ આપનો' પહેલા ૮૫ માં કહી ગયા. પ્રભુ! તું અનુભવ કર તો તને એમ જ લાગશે, અમે કહીએ છીએ તેવું જ તને જાણવામાં આવશે.

**'જ્યારે સર્વ ચિંતાઓ મટે ત્યારે જ મન સ્થિર થઈને સંકલ્પવિકલ્પરહિત થઈને પોતાના આત્માના શુદ્ધ સ્વભાવનું મનન કરી શકે છે.'** નિર્ગ્રંથપદમાં વધારે એમ હોય. પહેલા ગ્રંથિભેદ છે તે બરાબર છે, પણ ગ્રંથિભેદ સિવાય બીજી ગ્રંથિ રહે છે તેને છોડીને નિર્ગ્રંથ (થાય). પહેલા તો ગ્રંથિભેદ થયો તે અપેક્ષાએ દૃષ્ટિથી નિર્ગ્રંથ થયો. રાગની એકતાની ગાંઠ તૂટી ગઈ, રાગની એકતાની ગાંઠ તૂટી ગઈ. પૃથક્ થઈ ગયો અને સ્વભાવની પર્યાય સ્વભાવમાં એકત્વ થઈ ગઈ તો દૃષ્ટિમાં તો નિર્ગ્રંથ જ થઈ ગયો, પણ ચારિત્રમાં નિર્ગ્રંથ ક્યારે થાય? એ અસ્થિરતા છોડીને જ્યારે સ્થિર થઈ જાય (ત્યારે) ચારિત્રમાં નિર્ગ્રંથ થાય છે. સમજાણું કાંઈ?

એ નિર્ગ્રંથ તો આત્માનું સ્વરૂપ છે. 'નિયમસાર'માં 'શુદ્ધભાવ અધિકાર'માં આવ્યું છે, ભાઈ! 'શુદ્ધભાવ અધિકાર'. નિર્ગ્રંથ તો આત્માનું સ્વરૂપ જ છે. **'णिग्गंथो णिदंडो णिद्वंदो'** ત્રણે કાળ, હોં! 'નિયમસાર' 'શુદ્ધભાવ અધિકાર'ની ગાથા છે. **'णिग्गंथो णिदंडो णिद्वंदो'** દંડ વિનાનો, દ્વંદ્વ વિનાનો, દેહ વિનાનો તેનું નિર્ગ્રંથ સ્વરૂપ જ છે, આત્માનું સ્વરૂપ જ નિર્ગ્રંથ છે. નિર્ગ્રંથ નામ રાગ વિના, વિકલ્પ વિના. કર્મ વિના તો છે જ, એ તો પરદ્રવ્ય છે. વિકલ્પ વિના(નો છે) એ દૃષ્ટિ કોણ સ્વીકારે? સહિતપણે હોવા છતાં રહિત માનવો... આહાહા..! વ્યવહારથી કર્મસહિત, રાગસહિત. રાગરહિત (છે એ) દૃષ્ટિનું જોર છે. સમજાણું કાંઈ? નહિ, હું તો રાગ અને શરીર, કર્મથી રહિત છું. અરે..! પણ અત્યારે નહિ. અરે..! અત્યારે (એવો છું). નિશ્ચય દૃષ્ટિમાં સમયે સમયે આવો જ ત્રિકાળ છે. વ્યવહાર તે જ્ઞાન કરવાની ચીજ છે કે, રાગ છે. કહ્યું ને, જાણેલો પ્રયોજનવાન છે, જાણેલો પ્રયોજનવાન છે. આદરેલો પ્રયોજનવાન છે, એમ નથી. વસ્તુસ્થિતિ એવી છે. નહિતર કોઈ રીતે વસ્તુ સિદ્ધ થતી નથી. નિશ્ચય, વ્યવહાર એકેય સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ? થઈ ગયો (સમય)?

**'ઊંચું આત્મધ્યાન નિર્ગ્રંથ અને નિર્વિકાર થયા વિના થઈ શકતું નથી. જ્યાં સુધી કામવિકારની વાસના ન મટે, સ્ત્રી પુરુષનો ભેદ ન મટે, લજ્જાનો ભાવ હૃદયમાંથી ન ખસે ત્યાં સુધી આ ઊંચા પદનું ગ્રહણ ન કરવું.'** એમ કહે છે. એકદમ મુનિપણું (આવવા માટે) એવી શક્તિ જોઈએ. એમ એકદમ નગ્ન થઈ જાય, ઉતાવળે વ્રત લઈ લે, નભી શકે નહિ પછી કાંઈક ગોટા વાળ્યા વિના રહે નહિ. પોતાની શક્તિને (જોઈને ગ્રહણ કરે). 'શક્તિતપત્યાગઃ' આવે છે ને પંડિતજી? એ ત્યાં વિવેક છે. મર્યાદામાં પોતાનો કેટલો પુરુષાર્થ સહજ કામ કરે છે તેટલો ત્યાગ કરીને પોતાનું કામ કરવું. વિશેષ મુનિપણું ન થઈ શકે તો ગૃહસ્થાશ્રમમાં પોતાની શક્તિ પ્રમાણે ધ્યાન કરીને પોતાનું કામ કરવું, એમ અહીંયાં કહે છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

***



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૪૯ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૧-૫-૧૯૮૩, પ્રવચન નં. ૧૦૬ (વિષય : માર્ગદર્શન)**

**રાગને જાણતાં જ્ઞાન મલિન થતું નથી, પણ રાગને પોતાનો માનતા જ્ઞાન મલિન થાય છે. રાગ મારો છે તેમ માનનાર પોતાના જીવને મારે છે અને રાગ મારો નથી તેમ માનનાર પોતાના જીવને બચાવે છે. ૨૪૯.**

(૨૬:૪૫ મિનિટથી)

આપણે ત્યાં એક બહુચર્ચિત વિષય ઇ ચાલે છે કે પર્યાયના પ્રદેશ ભિન્ન છે અને આત્માના—દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે. આવે છે ? ૧૮૧-૧૮૨-૧૮૩ ગાથા ઉપરથી. પ્રદેશ ભિન્નતાનો ચર્ચીએ તો 'ગુરુદેવશ્રી'ના વચનમાં એ વાત ત્યાં સુધી આવતી કે કર્મના પ્રદેશો ભિન્ન અને આત્માના પ્રદેશો ભિન્ન, એકક્ષેત્રાવગાહી હોવા છતાં. બંધાયેલા સંચિત થયેલા કર્મો જે આત્માના પ્રદેશ સાથે આકાશની અપેક્ષાએ એક પ્રદેશે નિમિત્ત, આકાશરૂપ નિમિત્તની અપેક્ષાએ એક પ્રદેશે અને ઉપાદાનની અપેક્ષાએ પોતપોતાના પ્રદેશે રહેલા છે. એટલે ભિન્ન પ્રદેશે રહેલા છે. છતાં એક ક્ષેત્રાવગાહી છે એમ કહેવામાં આવે છે. એ આ નિમિત્તની અપેક્ષાનું કથન છે. આકાશરૂપ નિમિત્ત છે ત્યાં એકક્ષેત્રાવગાહમાં. બંને આકાશના એક જ પ્રદેશને રોકે છે.

જે પ્રદેશો આત્મા રોકે છે આકાશના તે જ પ્રદેશો કર્મના પરમાણુ રોકે છે. તેથી નિમિત્તથી એમ કહ્યું. ઉપાદાનથી જોઈએ તો પોતપોતાના પ્રદેશમાં છે. પ્રદેશનું પ્રકરણ અહીંથી શરૂ થાય. ત્યારથી પછી લ્યો કે રાગના પ્રદેશો જુદા અને જીવના પ્રદેશો, આત્માના પ્રદેશો જુદા. રાગ તો જીવની ચારિત્રગુણની અવસ્થા છે. ચારિત્રગુણ ક્યાં પરિણમે છે? કે આત્માના પૂરા પ્રદેશમાં પરિણમે છે. છતાં એમ કહે કે રાગ ઉપર ઉપર થાય છે એના પ્રદેશ જુદા છે. જ્ઞાનના પ્રદેશ જુદા છે. તેથી આગળ ચાલે તો જ્ઞાનાદિ શુદ્ધ પર્યાયના પ્રદેશ જુદા છે અને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યના પ્રદેશ જુદા છે. આત્માને પ્રદેશ કેટલા? અને એમાં વિભાગ આ કઈ રીતે કરવો? એક જ પ્રદેશમાં ઉપર-નીચેનો વિભાગ કરવો, ખંડ પાડવા કે પ્રદેશોની અંદર અમુક જગ્યાએ ફેર પાડવા અને વિભાગ કરવા? શું છે આ બધું? કે એની જ્યાં જે અપેક્ષા છે તે અપેક્ષા સમજવી રહી.

પ્રદેશો તો એક અખંડ પ્રદેશી આત્મા છે એમાં અસંખ્ય પ્રદેશની કલ્પના, ભેદકલ્પના માત્ર છે. આત્મા એક અખંડ પ્રદેશી છે. એક પરમાણુના માપથી માપતા એના અસંખ્ય ભેદ કલ્પનાએ કરવામાં આવે છે. વસ્તુતાએ એક અખંડ પ્રદેશી છે. એમાં સ્વપણું કરવા માટે ભિન્ન પ્રદેશપણું એમ કહેવામાં આવે છે. વસ્તુતાએ છે નહિ. પણ એ વસ્તુનું જ્ઞાન એક બાજુ રાખીને અહીંયાં શું...

... નિશ્ચયનયની કથનીમાં બળવાનપણું એ કથનથી બળ પકડવા માટે, એ કથનના નિમિત્તે બળ વધવા અર્થે એવા શબ્દપ્રયોગ આવે છે. ત્યારે તે જ વિષયને વ્યવહારનય ઢીલો કરે છે, શિથિલ કરે છે. અહીંયાં એની જરૂર છે નહિ.

હવે કહે છે કે '**રાગને જાણતાં જ્ઞાન મલિન થતું નથી, પણ રાગને પોતાનો માનતા જ્ઞાન મલિન થાય છે.**' રાગમાં સ્વપણું વેદાતા, જ્ઞાનમાં અને સ્વરૂપમાં સ્વપણું રહેતું નથી. તેથી પોતામાં પોતાનું સ્વપણું ચુકાઈ જાય છે એ ટાળવા માટે અહીંયાં એમ કહે છે કે રાગને પોતાપણે અનુભવ કરવો નહિ. ભલે રાગ અવસ્થામાં થાય તોપણ સ્વરૂપની દૃષ્ટિએ તેને ભિન્ન જાણવો. સ્વરૂપની દૃષ્ટિપૂર્વક તેને ભિન્ન જાણવો. સ્વરૂપમાં દૃષ્ટિ રાખીને તેને ભિન્ન જાણવો. એમ વાત ચાલે છે.

વાદવિવાદે તો કાંઈ પાર ન પડે. આમાં વાદવિવાદ કરવા જાય તો પાર ન પડે. પણ પોતાના હિતનું, પારમાર્થિક પ્રયોજન શું છે એના ઉપર વજન રાખવું જોઈએ, એને વધારે અંગીકાર કરવા માટે સમજણને ખુલ્લી કરી નાખવી જોઈએ, સ્પષ્ટ કરી ચોખ્ખી રાખવી જોઈએ, તો એને વસ્તુવ્યવસ્થા તો સહેજે સમજાશે કે આમાં વસ્તુ વ્યવસ્થા શું છે? રાગ ક્યાં થાય છે? જીવમાં થાય છે કે જડમાં થાય છે? પ્રશ્ન તો આ છે ને કે રાગ જો જડમાં થાય છે તો તો તમે એને પરનો કહો. પણ રાગ જો જીવની અવસ્થામાં થાય તો એને પરનો કેમ કહેવો? તો એને હેતુપૂર્વક પરનો કહેવામાં દોષ નથી. પણ એને પરનો કહેવામાં નિર્દોષતા છે. ક્યાં વજન જાય છે? કહેનારનું ક્યા વજન જાય છે એના ઉપર આ બધો આધાર છે. એના ઉપર એ કથનની સમિચીનતા છે. કથન કર્યું એટલે કથન તો કોઈપણ માણસ કરી શકે છે. પોપટથી માંડીને, ગોખણીયાથી માંડીને સમજદારને ગેરસમજદાર, બેસમજદાર બધાય કથન કરે છે. પણ બધો આધાર સમજણ ઉપર છે અને સમજણપૂર્વક ક્યાં વજન જાય છે એના ઉપર એના પરિણામમાં લાભ-નુકસાનનું કારણ ઊભું થાય છે. શું કહે છે હવે?

'**રાગને જાણતાં જ્ઞાન મલિન થતું નથી, પણ રાગને પોતાનો માનતા જ્ઞાન મલિન થાય છે.**' બહુ સારો બોલ લીધો છે. જ્ઞાની એમ કહે છે કે રાગ ભિન્નપણે અમને જણાય છે. અમારા જ્ઞાનમાં તો રાગ જે થાય છે એ અવસ્થામાં ઉત્પન્ન થતો રાગ ભિન્નપણે જણાય છે અને અમારી જ્ઞાનની પવિત્રતા એમને એમ રહે છે. મલિન તો જ્ઞાન થતું નથી, ઊલટાનું અમારું જ્ઞાન પવિત્ર રહે છે, નિર્મળ જ્ઞાનમાં એ ભિન્નપણે જણાય છે અને એ પવિત્રતા વધીને પૂર્ણ પવિત્ર થાય એવી એ વિધિ છે. ઉત્પન્ન થતાં અવસ્થાના રાગને ભિન્નપણે જાણવામાં જ્ઞાનની પવિત્રતા વધીને પૂર્ણ થાય એ વિધિ ચાલુ રહી છે, એ પદ્ધતિ કેળવાય રહી છે અને પૂર્ણ પવિત્રતા જ્ઞાનની કેવળજ્ઞાનાદિ પર્યંતની થશે. એ પદ્ધતિ કાર્યની હોવાથી રાગને જાણતાં જ્ઞાન મલિન થાય છે એમ અમને લાગતું નથી.

હા, રાગને જાણતા જ્ઞાન મલિન થાય ખરું, ક્યારે? કે એ જાણતી વખતે એને પોતાપણે માને ત્યારે. આટલી ખુબી છે આની અંદર. જાણવાની સાથે સાથે એમાં સ્વપણું, અભેદબુદ્ધિ, અભેદભાવ થઈ આવે ત્યારે એની માન્યતાનો, મિથ્યા માન્યતાનો દોષ જ્ઞાનની સાથે સાથે ઉત્પન્ન થઈ જતો હોવાથી ત્યારે જ્ઞાન પણ અજ્ઞાનરૂપ, મલિન જ્ઞાનરૂપ, વિપરીત જ્ઞાનરૂપ પરિણમી ગયું મિથ્યાત્વની સાથે સાથે, ત્યારે જ્ઞાન મલિન થયું એમ કહેવામાં આવે છે. આમ વ્યવસ્થા આ રીતે, અધ્યાત્મની અને વસ્તુવ્યવસ્થાને આ રીતે સંબંધ છે.

'**રાગ મારો છે તેમ માનનાર પોતાના જીવને મારે છે...**' ઠીક! અજ્ઞાની જીવ, મિથ્યાદૃષ્ટિ જીવ સમયે સમયે ઉત્પન્ન થતાં રાગને પોતાપણે અનુભવીને ત્યારે એણે પોતાનો માન્યો. રાગને પોતાપણે માન્યો. મારો છે એમ માનનાર જીવને ભાવમરણ થતું હોવાથી અને એ ભાવમરણ પણ દ્રવ્યમરણ સહિત, કારણ સહિત હોવાથી એ પોતાને મારે છે, પોતાના જીવને મારે છે એમ કહેવામાં આવે છે. પોતાના જીવને મારી નાખ્યો ત્યાં. જીવ તો મરતો નથી. મરણતુલ્ય દુઃખને મારે છે એમ કહેવામાં આવે છે.

'**અને રાગ મારો નથી તેમ માનનાર..**' જ્ઞાની. જુઓ! વળી કોઈ એમ તર્ક લડાવે કે જ્ઞાની હોય એને તો પ્રમાણિકપણે રાગને પોતાનો જાણવો જોઈએ અને માનવો

જોઈએ. પોતાને રાગ થયો છે એની પ્રમાણિકતાથી એણે રાગને પોતાનો માનવો જોઈએ. એ ન્યાય પણ એના જ્ઞાનબહાર નથી. રાગ એની અવસ્થામાં પોતે કરે છે એવો ન્યાય એના જ્ઞાનબહાર નથી, એની સમજણબહાર નથી. એમ હોવા છતાં અહીંયાં તેનો નિષેધ કરવો છે અને રાગરહિત એવા નિજ વીતરાગ સ્વરૂપનો આદર કરવો છે. વિધિ-નિષેધ. મોક્ષમાર્ગમાં આ પ્રકારે વિધિ-નિષેધ છે. વિધિ એટલે કોઈ પણ ક્રિયાનું આદરવું એને વિધિ કહે છે. બીજી ક્રિયાને, ઊલટી વિપરીત ક્રિયાને ટાળવી એને નિષેધ કહે છે. આ વિધિ નિષેધનું પ્રકરણ ચાલ્યુ અહીંયાં કે રાગને પોતાનો, મારો નથી તેમ માનનાર. એ નિષેધ કરે છે. એ શું કરે છે? કે જીવને બચાવે છે.

તે '**પોતાના જીવને બચાવે છે.**' એમ લીધું. પોતાની હિંસા પોતે કરતો હતો, જ્ઞાન અને આનંદ પ્રાણને મારતો હતો એ એણે પોતાના જ્ઞાનાનંદ પ્રાણને બચાવ્યા. એટલે પોતાની અહિંસા પાળી એમ કહે છે. આ મૂળ હિંસા-અહિંસાનું પ્રકરણ અહીંથી ઊભું થયું છે જૈનદર્શનમાં. લોકો પછી બીજા જીવની હિંસા-અહિંસા સુધી સ્થૂળ વિષયની પક્કડમાં રહી ગયા. પણ મૂળ વાત તો હિંસા-અહિંસાની અહીંયાં છે.

જૈનદર્શનનો આ ત્રિકાળી સિદ્ધાંત છે કે રાગ તે હિંસા છે. વીતરાગતા તે અહિંસા છે અને રાગ તે હિંસા છે. આ ત્રિકાળી સિદ્ધાંત છે. જીવને રાગ થાય ત્યારે બીજા જીવની હિંસા થાય કે ન થાય, ન થાય તોપણ રાગ હિંસા છે. લોકો તો જ્યારે બીજા જીવના પ્રાણનો નાશ થાય ત્યારે હિંસાને માને છે અને ત્યાં સુધી હિંસા માનતા નથી. અહીંયાં કહે છે કે એમ નહિ રાગ પોતે હિંસા છે. ભલે બીજા જીવની હિંસા એ વખતે ન થઈ હોય પણ એક રાગ તો એવો છે કે બીજા જીવની અહિંસા પાળવી. ઠીક! એ રાગ અહિંસા છે કે હિંસા છે? કે તારે માટે તો એ રાગ પણ હિંસા છે. ઠીક! તારા માટે તો એ રાગ પણ હિંસા જ છે. તારા જ્ઞાનાનંદ પ્રાણને હણનારો એવો રાગ એ તારા માટે તો હિંસા જ છે. આમ વાત છે.

પણ હું તો બીજાની અહિંસા પાળું છું, એકેન્દ્રિય જીવની પણ અહિંસા પાળવાનો રાગ છે. કહે છે કે ખરેખર એ તારા પ્રાણને તો હણે છે. આમ વાત છે. આખું જે બહારમાં જૈનદર્શનનું રૂપ છે એનાથી અંતરંગનું, જૈનદર્શનનું રૂપ તદ્દન બીજી જાતનું છે. બહારમાં તો એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, છકાય જીવોની હિંસા ન કરવી અને અહિંસા પાળવી, એવું પ્રસિદ્ધપણે જૈનદર્શનમાં કહેવામાં આવે છે. પણ રાગ તે હિંસા છે અને તે ટાળવા યોગ્ય છે અને તે ટાળતા સ્વની હિંસા તો મટશે પણ પરની હિંસા પણ વીતરાગ થવાથી મટી જશે. એમ સ્વપર અહિંસા પાળવાનું મૂળ કારણ આ છે. એમ અહિંસાને વીતરાગતાથી જૈનદર્શનમાં સ્થાપી છે. માત્ર પર અહિંસાને સ્થાપી છે એવું જૈનદર્શન અધૂરું નથી. માત્ર છકાય જીવોની અહિંસાને સ્થાપી છે એવું અધૂરું જૈનદર્શન નથી. જૈનદર્શન તો એક પરિપૂર્ણ દર્શન છે. એ પરિપૂર્ણ દર્શન હોવાથી સ્વપર બંનેની અહિંસાનો વિષય એની અંદર છે કે પોતાની પણ પૂરેપૂરી અહિંસા પળાય અને એ પળાતા બીજા જીવની પણ પૂરેપૂરી અહિંસા પળાય.

બહારમાં પણ ન્યાય એમ જ તોળવામાં આવે છે કે ઓપરેશન કરતા કરતા, છરી ચલાવતા ચલાવતા ઑપરેશન ટેબલ ઉપર દર્દીનું મૃત્યુ થાય તો ડૉક્ટરને એનો ખૂની તરીકે ગણવામાં આવતો નથી. પણ હાથમાં લોહીવાળી છરી છે અને એના કેટલાક અવયવ કપાયેલા છે, કપડા પણ લોહીવાળા બગડેલા છે. એમાંથી શેડ ઉડેને. ડૉક્ટર પહેરે છેને. ગાઉન એટલા માટે પહેરે છે કે એના સૂટ ન બગડે, ઉપરનું કપડું બગડે. એટલે ઓપરેશન વખતે ગાઉન પહેરવામાં આવે છે. તો કહે છે કે એને બચાવવા જતાં એનું મૃત્યું થયું છે. માટે એનું ખૂન છે એમ ન્યાયની દૃષ્ટિએ પણ કહી શકાય નહિ.

એમ મુનિરાજ છે એને મન-વચન-કાયની પ્રવૃત્તિમાં છકાય જીવોની અહિંસા પાળવાના ભાવ સહિત વીતરાગી અહિંસા ઘણી કેળવાઈ ગઈ છે અને ઘણી પ્રગટ થઈ ચૂકી

છે, એવા કાળમાં કોઈ જીવની હિંસા એનાથી થાય, દ્રવ્યહિંસા—પ્રાણનો ઘાત થાય તોપણ મુનિને હિંસાનું પાપ નથી. પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ અઠ્યાવીશ મૂળગુણ પાળનારા જે મુનિ અંદરમાં વીતરાગભાવને ધારણ કરે છે તેથી તે જીવને પ્રાણનો નાશ થાય મન-વચન-કાયાના નિમિત્તે તો એની હિંસાનું પાપ એને નથી. મુનિને પાપની પ્રવૃત્તિ નથી. જેમ ડૉક્ટરને આરોપ ન આવ્યો હિંસાનો એમ મુનિને આવતો નથી. કારણ શું ? કે કારણ એ છે કે એને વીતરાગી અહિંસા ધારણ કરી છે. માટે એને હિંસાનો આરોપ ન લાગે. આમ વાત છે. અને કોઈ દ્રવ્યલિંગી જીવ એ રીતે અઠ્યાવીશ મૂળગુણ પાળતા બીજા જીવોની અહિંસા પાળે તોપણ એને પોતાને આત્મઘાતરૂપ હિંસાનું પાપ ચાલુ છે.

મુમુક્ષુ :- પ્રમાદ કષાય છે દ્રવ્યલિંગીને.

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાત્વ છે, અવિરતી છે, પ્રમાદ છે, કષાય છે અને યોગ છે. પાંચેય એને આસ્રવના કારણો છે. મિથ્યાત્વનો આસ્રવ છે એને સાબિત કરવાની જરૂર નથી કે એને પ્રમાદનો આસ્રવ છે કે નહિ. એ શંકા કરવાની જરૂર રહેતી નથી. એમ છે. શું લીધું જુઓ!

સ્વપરપ્રકાશકમાં પણ આ બોલ લેવાય છે કે રાગને જાણે છે તે પરપ્રકાશકપણું છે. પોતાને જાણે તે સ્વપ્રકાશકપણું છે અને રાગને જાણે તે પરપ્રકાશપણું છે. તે પરનું પ્રકાશવું એવું સ્વપરપ્રકાશક સ્વભાવમાં અનિવાર્ય છે. સ્વપરપ્રકાશક સ્વભાવ છે ત્યાં પરનું પ્રકાશવું તો અવશ્ય બને જ છે. એમાં રાગ તો મલિન તત્ત્વ છે. એ મલિન તત્ત્વનું પ્રકાશવું પણ બને છે. તો કહે છે કે મલિન તત્ત્વને પ્રકાશતા તો પ્રકાશનાર મલિન થશે? કે પ્રકાશનાર મલિન નહિ થાય? પવિત્રભાવમાં રહીને પ્રકાશી શકે છે.

જ્ઞાન પવિત્ર દશામાં, નિર્મળ દશામાં રહીને સ્વપરપ્રકાશકપણે સ્વને અને પરને પ્રકાશી શકે છે. એમાં એને જરાય દોષ છે નહિ. દોષ ત્યારે લાગે છે કે એમાં રાગ પોતાપણે સ્વીકારાઈને જાણવામાં આવે ત્યારે. ત્યાં સુધી એને દોષ છે નહિ. એ માન્યતાનો પણ દોષ છે અને જ્ઞાનનો પણ ત્યાં દોષ છે. બેય દોષ સાથે ઊભા થાય છે.

મુમુક્ષુ :- જ્ઞાન નિર્દોષ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાન નિર્દોષ છે. જ્ઞાનમાં ભિન્નપણું જણાવું જોઈતું'તું હતુંને? જે રાગ જ્ઞાનમાં પ્રતિબિંબ પામ્યો ત્યારે આ રાગ તે હું નથી અને જ્ઞાન તે હું છું. તો જ્ઞાન કાંઈ રાગરૂપે થયું નથી. પોતે જ્ઞાનરૂપે છે તે પોતે જ્ઞાનરૂપે મટીને, જ્ઞાનપણાનો અભાવ થઈને રાગરૂપે થઈ ગયો નથી. છતાં જ્ઞેયનિષ્ઠ એવું જ્ઞાન, એમ. પ્રતિબિંબમાં જાણે એ પોતામાં દાખલ થયું. શું જોવે છે એ? કે એ રાગ પોતામાં આવ્યો એમ એને અનુભવ થાય છે. રાગ જણાયો છે છતાં એ મારામાં આવ્યો છે એમ એ જાણે છે. જ્યારે જ્ઞાન જ્ઞાનપણે રહે છે ત્યારે રાગ જ્ઞાનમાં જણાય છે તે ભિન્નપણે જણાય છે અને જ્ઞાન જ્ઞાનરૂપે રહીને, વેદીને જ્ઞાનને જાણતું જ્ઞાન રાગને જાણે છે એવો જે પ્રકાર અંતરંગનો છે, એવા પ્રકારે રાગને જાણતા જ્ઞાનની મલિનતા નથી. પવિત્ર નિર્મળ ભાવે રહીને જ્ઞાન રાગને જાણે છે. એ એની અંતરંગ ક્રિયા છે.

અહીંયાં તો કહે છે કે '**રાગને પોતાનો માનતા...**' પોતાનું મૃત્યુ છે. લ્યો ઠીક! નહિતર ન્યાય તો ખ્યાલમાં છે. નયનો વિષય ચાલે ત્યારે અશુદ્ધ નયે જ્ઞાની એમ જાણે છે કે રાગ મારો છે અને મેં કર્યો છે. અશુદ્ધનયે. ત્યાં પણ એને શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન છે. શુદ્ધાત્માપણે પોતે સદાય છે અને એ શુદ્ધાત્મામાં સંપૂર્ણ સ્થિરતા નહિ હોવાથી અસ્થિરતાને વશ રાગાદિની ઉત્પત્તિ અવસ્થા અંશમાં થાય છે એવું શુદ્ધતાના જ્ઞાનસહિત, સ્વરૂપની શુદ્ધતાના જ્ઞાનસહિત અવસ્થાની અશુદ્ધતાનું જ્ઞાન થવું તેને અશુદ્ધનયનું જ્ઞાન કહેવામાં (આવે છે), અશુદ્ધ નયથી રાગને જાણ્યો એમ કહેવામાં આવે છે. અને અશુદ્ધનયથી પોતાનો છે એમ જાણ્યો એમ પણ કહેવામાં આવે છે. ત્યાં સ્વરૂપની શુદ્ધતાનું જ્ઞાન ચુકાઈ ગયું છે એમ વાત છે નહિ.

શ્રીમંત માણસ કરગરે કે હું ગરીબ છું અને મને માફ કરો. ત્યારે શ્રીમંતાઈને ભૂલી ગયો છે કાંઈ? એ વાત

રહેતી નથી. એ બધા વચનવ્યવહાર ગમે તે પ્રકારે આવે, શ્રદ્ધા-જ્ઞાન યથાર્થપણે પરિણમ્યા છે કે નહિ? એના ઉપર દોષ-નિર્દોષતાના કથનને તોળી શકાય છે, એ સિવાય બીજી રીતે એને નક્કી કરવા જતાં કથન કરનારને અન્યાય કરવા જેવું થાય. એને ન્યાય તોળવાનો રહેતો નથી.

**'રાગ મારો નથી તેમ માનનાર પોતાના જીવને બચાવે છે.'** સમ્યક્ પ્રકારે રાગથી ભિન્ન પડનાર અને સમ્યક્ પ્રકારે રાગાદિનો નિષેધ કરનાર એમ લેવું છે અહીંયાં, તે ખરેખર પોતાના જ્ઞાન અને આનંદ પ્રાણને બચાવે છે. એટલે જીવને બચાવે છે. અને બીજો છે વિપરીત પરિણમનાર પોતાને મારે છે, દ્રવ્યમરણ અને ભાવમરણને ઉત્પન્ન કરે છે. એમ લઈ લેવું અહીંયાં. બે વાત સાથે લીધી છે. હિંસા-અહિંસાનો વિષય, સ્વપરપ્રકાશકપણાનો વિષય અને જ્ઞાનની મલિનતા અને શુદ્ધતાનો વિષય. એક બોલમાં આટલી વાત સાથે લીધી છે.

'ગુરુદેવ'ની આ એક વિશિષ્ટતા છે. ઘણું અધ્યયન, ઘણું ચિંતન, ઘણું મંથન. નિવૃત્ત જીવનમાં પહેલેથી નિવૃત્તિ રહી. ૧૫-૧૬ વર્ષની ઉંમર સુધી.. ૧૩ વર્ષની ઉંમરે 'પાલેજ' ગયા હતા. ચાર ચોપડી ભણી લીધી. પહેલા તો ચાર-પાંચ ચોપડી જ ભણવાનું હતું ગુજરાતી. 'ઉમરાળા'માં ભણી લીધા પછી ૧૩ વર્ષની ઉંમરે દુકાને જોડાણા હતા. નાની ઉંમરમાં. ૧૫-૧૬-૧૭ વર્ષની ઉંમરે દુકાનમાં પણ ધર્મનો રંગ હતો એટલે સ્વાધ્યાય કરતા. આ જન્મ જયંતિમાં ઓલું ચિત્ર મૂક્યું હતું ને? 'પાલેજ'ની દુકાનમાં બેઠા બેઠા વાંચે છે. બીજા વેપાર કરે છે, કોઈ નમુનો બતાવે છે, કોઈ વાતચીત સોદો કરે છે પણ પોતે બેઠા બેઠા વાંચતા હોય છે. નાનપણથી ધાર્મિક વૃત્તિ હતી એટલે ધંધાના સમયમાં પણ એ દુકાને બેઠા બેઠા સજ્ઝાયની ચોપડીઓ વાંચતા. ચાર સજ્ઝાયની ચોપડીઓ હતી પદની. અધ્યાત્મિક પદો બધા. એ રંગ હતો એમનો. ત્યારથી નિવૃત્તિ. પ્રવૃત્તિના કાળમાં પણ નિવૃત્તિ થઈ ગઈ છે. પછી તો દીક્ષા લીધી ત્યારથી નિવૃત્તિમાં સ્વાધ્યાય, શાસ્ત્રોનું અધ્યયન, અંતર મંથન અને ચિંતન. હજારો લોકોના સંપર્કમાં હજારો પ્રશ્નો આવ્યા, એ પ્રશ્નોનું નિરાકરણ (કર્યું) એટલે વાત હજાર હજાર પડખેથી બહાર આવી, હજારો પડખેથી વાત બહાર આવી. એક બોલમાં કેટલી વાત લીધી છે! આ વિચાર એના ઉપરથી આવે છે.

રાગને જાણવો એ તો સ્વપરપ્રકાશક જ્ઞાનનું કાર્ય થયું. જે નિર્મળપણે ઉત્પન્ન થયેલું સ્વપરપ્રકાશક જ્ઞાન રાગને ભિન્નપણે જાણતા જરા પણ મલિન તો થતું નથી, ઊલટાનું ઉત્તરોત્તર નિર્મળ થતું જાય છે, પવિત્ર થતું જાય છે. એટલે એ તો પ્રશ્ન જ નથી. એક. ત્યારે જ્ઞાન ક્યારે મલિન થાય? અહીંયાં માન્યતા સાથે લીધી હવે કે રાગ જણાતા રાગ સ્વપણે જણાય, પર હોવા છતાં, જ્ઞાનરૂપે નહિ હોવા છતાં સ્વપણે જણાય તો ત્યાં જ્ઞાન મલિન થાય છે. દર્શન તો મલિન થયું પણ જ્ઞાન પણ ત્યાં મલિન થાય છે.

અને સાથે સાથે હિંસા-અહિંસાનો બોલ લઈ લીધો. પોતાની નિજ હિંસા ક્યારે થાય છે અને નિજ અહિંસા પણ ક્યારે થાય છે, એના ઉપર પર હિંસા-અહિંસાની તુલના કરવી. એકાંતે પરની હિંસા-અહિંસાનો પર સંબંધવાળી વાત તો લૌકિક છે. જગતમાં હિંસા-અહિંસાનો વિષય છે લૌકિક, એ લૌકિક વિષયમાં એકાંતે બીજા જીવના પ્રાણને રક્ષવા અને પ્રાણને નાશ કરવો એટલો વિષય મર્યાદિત છે. એ વિષય, મર્યાદિત વિષય સાંગોપાંગ ન્યાયયુક્ત નથી.

ગાંધીજી જેવા ગાંધીજીએ અહીંયાં ભૂલ ખાધી હતી. એ અહિંસાના એક મોટા પ્રરૂપક નેતા ગણાયા છતાં જૈનદર્શનનો સિદ્ધાંત નહિ સમજેલા હોવાથી સાબરમતીના આશ્રમમાં એ એક મરવા પડેલા વાછડાની ઘણી પીડા જોઈને એમણે.. એમનો હેતુ કરુણાનો હતો. એમને દયા આવી ગઈ હતી કે અરે..! બિચારો પીડાય છે. જો આ પીડાથી એને છોડવો હોય તો એને હવે આ બચે એવું

લાગતું નથી. એમ સમજીને. પછી ઈલાજ કરતા બચશે કે નહિ બચે એ તો કોઈ કહી શકતું નથી. પણ એ પડખું પકડવાને બદલે એને ઈંજેક્શન દઈ દીધું, લેવરાવી દીધું. અત્યારે ઈંજેક્શન આપી દ્યો, આ પતી જાય તો બિચારો પીડામાંથી છૂટી જાય. એ રીતે એકાંતે પર હિંસા અને અહિંસાને વિચારતા વિષય પણ સાંગોપાંગ ન્યાયોચિત રહેતો નથી. ગડબડ ક્યાંકને ક્યાંક ઊભી થયા વિના રહે નહિ. એ તો હતી અંદર અજ્ઞાનમાં. એ ગડબડ તો હતી જ, પણ આ પ્રસંગ બન્યો એટલે બહાર આવી. પણ આ રીતે પોતાના પ્રાણની અહિંસાનો વિષય રાગ અને વીતરાગતાના મુદ્દાથી સંભાળવામાં આવે અને આદરવામાં આવે તો બહારનો હિંસાનો અને અહિંસાનો વિષય સંપૂર્ણપણે ન્યાયસંગત રહે છે. એવી પરિસ્થિતિ બહારમાં ઊભી થાય છે. એટલે એ સુપ્રિમ કક્ષાનો—એકદમ ઉચ્ચ કક્ષાનો આ વિષય ન્યાયથી પણ સાબિત થાય છે. એ અલૌકિક જૈનદર્શનનો પ્રભાવ છે આ વિષયની અંદર એમ વિચારવું જોઈએ. અહીં સુધી રાખીએ...

## પરમાગમસાર બોલ-૨૫૦ તા. ૨૪-૫-૧૯૮૩, પ્રવચન નં. ૧૦૯
## (વિષય : માર્ગદર્શન-મિથ્યાત્વની ભયંકરતા)

**પુણ્ય-પુણ્ય કરીને અજ્ઞાની પુણ્યની મીઠાશ વેદે છે, પણ પુણ્યની મીઠાશ તો એનું ખૂન કરે છે. મિથ્યાત્વભાવ તે કષાયખાનું છે, મિથ્યાત્વનું પાપ સાત વ્યસનથી પણ અનંતગણું છે, તેનું જે પોષણ કરે છે તેણે કષાયખાના માંડ્યા છે. ૨૫૦.**

પરમાગમસાર. પાનું-૬૬. ૨૫૦. '**પુણ્ય-પુણ્ય કરીને અજ્ઞાની પુણ્યની મીઠાશ વેદે છે, પણ પુણ્યની મીઠાશ તો એનું ખૂન કરે છે.**' શું કહ્યું? અજ્ઞાનભાવે જીવને પુણ્યની મહત્તા છે. ધર્મના સ્વરૂપથી અજાણ હોવાથી, વીતરાગી ધર્મના સ્વરૂપથી અજાણ હોવાથી પુણ્યને જ ધર્મ માનનારા પુણ્યની મહત્તા કરે છે. અને એ પુણ્ય પરિણામ કરે છે ત્યારે એ પુણ્ય કર્યાનો એ સંતોષ પકડે છે. અથવા આત્મકલ્યાણ કર્યું હોય એમ માને છે, એમ શ્રદ્ધે છે અને એ એને રુચે છે. વાસ્તવિકતા એ છે કે આત્મા જે વીતરાગસ્વરૂપ છે એ વીતરાગી તત્ત્વથી, રાગાદિ પુણ્યભાવ છે તે અન્ય તત્ત્વ છે. મિથ્યાત્વનું સ્વરૂપ એ છે કે અન્ય તત્ત્વમાં અન્ય તત્ત્વ માનવું, અન્ય તત્ત્વમાં અન્ય તત્ત્વ જાણવું એ મિથ્યાત્વનું સ્વરૂપ છે.

રાગાદિ પુણ્યભાવ જે અન્ય તત્ત્વસ્વરૂપ છે. આત્મા વીતરાગ સ્વરૂપ છે તેનાથી જે અન્ય તત્ત્વ છે તે અન્ય તત્ત્વને પોતારૂપ માનવું, પોતા સ્વરૂપ કરવું, પોતાનું કરીને જાણવું એ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વથી જન્મ-મરણ થાય છે એટલે એમ કહે છે કે એ પુણ્યની મીઠાશ તો એનું ખૂન કરે છે. એના જ્ઞાન અને આનંદ પ્રાણને એ હણે છે તેથી ખૂન કરે છે એમ કહેવામાં આવ્યું છે.

જુઓ! આખા જગતથી બિલકુલ જુદી વાત છે. જગતમાં પુણ્યને જ ધર્મના ક્ષેત્રમાં સર્વસ્વ માનવામાં આવે છે અને એ પુણ્ય પરિણામનો ઝંડો લઈને લોકો ફરે છે કે અમે ધર્મ કરીએ છીએ, અમે ધર્મ કરીએ છીએ. ઘણો ધર્મ કર્યો. પછી અનેકવિધ પ્રકાર છે એના. પણ એ તમામ પ્રકારના શુભરાગ છે જેને તત્ત્વદૃષ્ટિએ પુણ્યતત્ત્વ

કહેવામાં આવે છે. નવ તત્ત્વમાં એ પુણ્યતત્ત્વમાં જાય છે. એ અન્ય તત્ત્વ છે. એને અને આત્માને ખરેખર તો વિરુદ્ધતા છે. વીતરાગને અને રાગને તો ખરેખર વિરુદ્ધતા છે. એ વિરુદ્ધતા જાણવાને બદલે એની સાથે જ આત્મબુદ્ધિ કરે, એ પુણ્યતત્ત્વમાં જ આત્મીયતા કરે, આત્મબુદ્ધિ કરે તો એમાં આત્મા હણાય છે. એમાં જ્ઞાન અને આનંદનું હણવું થાય છે. પુણ્ય-પુણ્ય બે શબ્દ લીધા છેને?

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- એમાં આકરું શું છે? જે જેમ છે એમ જાણવું છે. અત્યાર સુધી ભૂલો પડેલો જીવ એમ વિચારે કે ખરેખર પરિસ્થિતિ વસ્તુસ્થિતિ શું છે? એટલી જિજ્ઞાસાથી વિચારે તો એને એમ કહે છે કે ભાઈ, તું અહીંયાં ભૂલ્યો છો. પુણ્યભાવ તેં જે કર્યા એ પુણ્યભાવમાં તારી ભૂલ થઈ છે. એમાં ધર્મ માનવા સંબંધીની તારી ભૂલ થઈ છે. એ મીઠાશ વેદવા જેવી નથી.

મૂળ તો શું છે કે જે ધર્મના પરિણામ છે એમાં જે આત્માની શાંતિ છે અને જે વીતરાગતાની નિર્દોષતા અને પવિત્રતા છે એને જીવે જાણી નથી. તેથી પુણ્યના કષાય સહિતના પુણ્યના પરિણામ જે સકષાય પરિણામ છે, શુભરાગ એ પણ રાગ કષાય પરિણામ છે એમાં જીવ મમત્વ કરે છે એ અજ્ઞાનભાવે મમત્વ કરે છે. મીઠાશ ક્યારે વેદે છે જીવ? કે એમાં એને મમત્વ થાય છે. પોતાના વીતરાગ સ્વરૂપમાં અહંપણું, મમપણું, મમત્વપણું થતું નથી તેથી તે પુણ્યની મીઠાશમાં, પુણ્યભાવમાં એ મમત્વ કરે છે એ એના સ્વરૂપના અજ્ઞાનને જાહેર કરે છે, પ્રતીત કરે છે. પુણ્યભાવની મીઠાશ અને પુણ્યભાવમાં મમત્વ છે એ સ્વરૂપના અજ્ઞાનને પ્રસિદ્ધ કરનારા પરિણામ છે.

જે કોઈ જીવ પુણ્યમાં મમત્વ કરે છે એના વિષયમાં પરીક્ષા કરવાની જરૂર નથી, આવશ્યકતા નથી કે એને આત્મજ્ઞાન છે કે નહિ. આત્મજ્ઞાન હોય એને એ પ્રકાર આવતો નથી. અને જેને આત્મજ્ઞાન છે એ તો શુભાશુભને છેદીને વીતરાગી ધર્મમાં વિકાસ કરતો હોવાથી એને પુણ્ય પરિણામમાં મમત્વ આવતું નથી. પુણ્યની મહિમા કરે છે, મીઠાશ કરે છે. આ 'પુણ્ય-પુણ્ય' બે શબ્દ વાપર્યાને? એ એની મહત્તા સૂચક છે. જેને એની મહત્તા આવે છે એ વારંવાર એને જ મુખ્ય કરે છે. જેને પુણ્યની મહત્તા છે એને આત્માની મહત્તા નથી. રાગની જેને મહત્તા છે એને રાગ રહિત આત્મતત્ત્વની એને મહત્તા નથી. એમ સ્પષ્ટ થાય છે. તેથી જે પુણ્યના હિમાયતી છે તે વીતરાગતાને ગૌણ કરનારા છે. અને જે વીતરાગી ધર્મ કરવાના હિમાયતી છે એ પુણ્યને ગૌણ કરી જાય છે. એને પુણ્ય પરિણામ થાય છે ખરા, પણ એ પુણ્ય પરિણામને એ ગૌણ કરે છે.

અહીંયાં કહે છે કે પુણ્ય પરિણામ તને થાય, થશે ખરા, જ્યાં સુધી છદ્મસ્થ છો, સાધક અવસ્થામાં પણ વીતરાગતા અધૂરી છે, પૂરેપૂરી વિકાસ પામેલી નથી ત્યાં સુધી જે કચાશ છે, અલ્પતા છે એમાં પુણ્યના પરિણામ થશે ખરા. પણ એની મીઠાશ વેદવી એ બીજી વાત છે. પુણ્ય થવું એ બીજી વાત છે અને પુણ્યની મુખ્યતા થવી, એની મીઠાશ થવી એ બીજી વાત છે તદ્દન. એની કાંઈ કિંમત નથી. એમ. પુણ્યની કેમ કિંમત નથી કે એના ફળની પણ કિંમત નથી. પુણ્યની એટલા માટે કિંમત નથી કે પુણ્યના ફળના કારણરૂપ પુણ્ય છે એ. પુણ્યભાવ તો પુણ્ય ફળના કારણરૂપ છે.

તો જગતમાં જે જીવો તીવ્ર પાપના પરિણામ કરે છે અથવા તીવ્ર પાપી ગણાય છે, હલકા અને નીચ પરિણામવાળા જે જીવો છે એવા પાપીમાં પાપી જીવને એ પુણ્યના ફળનો સંયોગ તો જોવામાં આવે છે. માંસ ખાય, દારૂ પીવે, અનેક પ્રકારના તીવ્ર હિંસાત્મક ઉદ્યોગો કરે, ઘણા પાપના પરિણામ કરે એવા જીવને પણ પુણ્યના ફળરૂપ સંયોગો તો જોવામાં આવે છે. એની કિંમત શું? કે એની તો ખરેખર કોઈ કિંમત આંકવી જોઈએ નહિ. એ તો પાપી પ્રાણીઓને હોય છે પુણ્યના ફળ તો. એની શું કિંમત? કે એની કોઈ કિંમત આ જગતમાં નથી.

મોક્ષમાર્ગમાં આત્માનું મહત્ત્વ અને આત્માની મુખ્યતા અને આત્મધર્મની મુખ્યતા એટલી છે કે પુણ્ય-પાપ અને પુણ્ય-પાપના ફળની કાંઈ કિંમત જ આંકવામાં આવી નથી. તેથી મોક્ષમાર્ગી જીવે, મોક્ષાર્થી જીવે પાપના પરિણામની તો કિંમત આંકવાનો સવાલ રહેતો નથી, પાપની મહત્તા કરવાનો તો પ્રશ્ન છે જ નહિ, વિવાદાસ્પદ જ નથી એ તો, પણ પોતાના પુણ્ય પરિણામની પણ એણે કદી મહત્તા કરવી નહિ. અને એ પુણ્યભાવમાં એણે મમત્વ ન કરવું એમ ઉપદેશ છે. વીતરાગોનો એ ઉપદેશ છે કે રાગની મહત્તા ન કરવી. વીતરાગતાની જ મહત્તા કરવી અને રાગની મહત્તા ન કરવી.

મુમુક્ષુ :- પુણ્ય એ પાપની જ મહત્તા કીધી ને?

પૂજ્ય ભાઈશ્રી :- પાપની મહત્તા કરવાનું તો કોઈ ધર્મ કહેતું નથી. વીતરાગ ધર્મ તો કહેજ શેનો? ઈસ્લામ જેવા ઈસ્લામ ધર્મમાં પણ પાપ ન કરવું એવું તો ચોખ્ખું લખેલું હોય છે. પછી ભલે કોઈને કોઈ બહાને પાપ ઘૂસી જાય છે ત્યાં. પણ ચોખ્ખું પાપ કરવું એવું તો કોઈ કહેતું નથી. તો સર્વોત્કૃષ્ટ ધર્મ છે, જ્યાં પુણ્યને પણ પાપમાં ખતવવામાં આવે છે ત્યાં ચોખ્ખું પાપ કરવાની વાત હોય એ વાત તો સ્વપ્ને પણ વિચારવા જેવી નથી.

મુમુક્ષુ :- થઈ જાય તો શું કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- થઈ જાય તો એનો ખેદ થવો જોઈએ. થઈ જાય એટલે એનો બચાવ ન કરવો જોઈએ કે અમે તો ગૃહસ્થી છીએ અને ગૃહસ્થમાં તો આટલું પાપ કરવું જ પડે. એમ કરવા જતાં તો એ પાપ કરવાનો અભિપ્રાય થઈ જશે અને અભિપ્રાયનો મોટો દોષ ઉત્પન્ન થશે. આમાં શું છે, કોઈ પરિણામ થાય એની પાછળ આ જીવનો અભિપ્રાય શું છે એ વાત છે. આ જગતમાં જે કાંઈ પાપના પરિણામ જીવો કરે છે તેનાથી પણ તેને સુખ લેવાનો અને સુખ મેળવવાનો ભાવ છે. કે બીજું કાંઈ છે? આ માણસ લ્યોને ધંધા-વેપાર કરે છે કે નહિ? એકલા પાપના પોટલા છે. પ્રમાણિકતાથી કરે તોપણ, હોં! પ્રમાણિકતાથી તો અત્યારે ઓછા કરે છે, કોઈક જ કરે છે પણ પ્રમાણિકતાથી કરે તોપણ એકલા પાપના જ પોટલા છે. પાપ નથી પાપના પોટલા છે. ઢગલાબંધ છે.

મુમુક્ષુ :- આજીવિકા પૂરતું તો માણસ...

પૂજ્ય ભાઈશ્રી :- આજીવિકા પૂરતું કરવું પડે એનો ખેદ હોવો જોઈએ. અભિપ્રાય ન હોવો જોઈએ. હવે એ જે પાપના પરિણામ થાય છે એની પાછળ આ જીવનો, પોતાનો, દરેકને પોતાને એનો અભિપ્રાય શું છે એની પાછળ એ શોધી લેવું જોઈએ.

મુમુક્ષુ :- શરૂઆતમાં ભૂલ દેખાય, પછી હકીકત થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હકીકત થઈ જાય એટલે?

મુમુક્ષુ :- બરાબર છે, ચાલ્યા કરે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ એમ નહિ એનો એને ક્યારે છૂટું આમાંથી? એવા એને પરિણામ રહેવા જોઈએ. આમાં આગળ વધું એવા પરિણામ ન રહેવા જોઈએ. પણ આમાંથી હું ક્યારે છૂટું એવા પરિણામ રહેવા જોઈએ.

શ્રીમદ્જીએ એક જગ્યાએ મુમુક્ષુઓને માર્ગદર્શન ઘણા પ્રકારે આપ્યું છે એમાં એક જગ્યાએ એક વાત એવી કરી છે કે ભાઈ! તું તને પૂછજે કે જો તને વિશેષ રળવાની જરૂર ન હોય એટલે આજીવિકા પૂરતી વ્યવસ્થા પૂર્વ પુણ્યકર્મના ઉદયે ગોઠવાયેલી હોય, એવું પૂર્વ કર્મ હોય કે જેથી ગોઠવાયેલી હોય તો તું કોના માટે અને શા માટે કરે છો એ તને તું પૂછજે. તું તને પૂછી લેજે કે હવે તું કોના માટે કરે છો અને શા માટે કરે છો? આમ કરવા પાછળ તારો અભિપ્રાય શું છે? એ તું તારા અંતરંગને તપાસી લેજે અને એ તપાસતા તને એમ લાગે કે આવશ્યકતા નથી, છતાં આ પ્રવૃત્તિ કરવાનો ભાવ થાય છે તો તને તારું હિત કરવાની દરકાર આવી નથી, તારું કાર્ય તારે શીઘ્ર કરી લેવું જોઈએ એ ભાવના મૂળમાંથી નાશ પામી ગઈ છે ત્યારે તને આ પરિણામ થાય છે એમ તું એટલો વિચાર કરજે. આટલી વાત છે.

ઘણી ઘણી વાતો સત્પુરુષો કરી ગયા છે. એનું મૂલ્ય ન થાય, એની શું કિંમત થાય? એને અનંતા પાપથી બચાવે નહિ, અનંતા પાપના ફળના દુઃખથી પણ બચાવે. અહીંયાં કોઈક એક જિંદગીનું સાજું કરી દે ત્યાં એનો ગુલામ થઈને ફરે. અરે..! ભાઈસાબ! તમે ન મળ્યા હોત તો અમે તો હજી ભીખભેગા થઈ ગયા હોત. અત્યારે આ જે કાંઈ સાહેબી છે એ બધું તમારી મહેરબાનીનું કારણ છે એમ કહે. તમે કહો એ કરવા તૈયાર છું. પણ આવા સન્માર્ગે ચડાવનાર અને ઉન્માર્ગથી બચાવનાર સત્પુરુષો વટેમાર્ગુની જેમ માર્ગનો નિર્દેષ કરીને ચાલ્યા ગયા છે. પોતે માર્ગે પડ્યા છે અને માર્ગની સામે આંગળી ચીંધતા ગયા છે કે જુઓ આ માર્ગ છે. આ બાજુ માર્ગ છે, આમ ચાલજે.. આમ ચાલજે... આમ ચાલજે.

કહે છે કે ભાઈ! મોક્ષમાર્ગમાં પુણ્ય-પુણ્ય એમ કરીને પુણ્યની મહત્તા કરવા જેવી નથી અને પુણ્યના પરિણામ થાય તો એની મીઠાશ પણ વેદવા જેવી નથી. એ મીઠાશ તો મમત્વને કારણે આવે છે. જ્યાં મમતા છે ત્યાં એને મીઠાશ લાગે છે. એ તો આત્માનું ખુન કરે છે. એટલે આત્માના જે ભાવપ્રાણ છે, નિર્મળ જ્ઞાન ને આનંદ છે, પવિત્રતા આદિ ધર્મ છે એને એ છેદે છે.

**'મિથ્યાત્વભાવ તે કષાયખાનું છે,...'** જુઓ! અહીંયાં કોઈ કતલખાનુ માંડે તો અરેરાટી કરે. અરે..રે..! રોજના કેટલા પ્રાણીઓના પ્રાણ હરે છે. અહીંયાં સમયે-સમયે, ક્ષણે-ક્ષણે મિથ્યાત્વથી પોતાના પ્રાણને હણે છે એના સામું જોતો નથી. પુણ્યની મીઠાશ કરીને, મીઠાશ વેદીને પોતાના જ્ઞાન અને આનંદના પ્રાણને હણે છે એની સામું જોતો નથી. **'મિથ્યાત્વભાવ તે કષાયખાનું છે, મિથ્યાત્વનું પાપ સાત વ્યસનથી પણ અનંતગુણું છે,...'** મોટું છે એટલે કેટલું છે? અનંતગુણું છે. બોલો! બીજા પાપ દેખાય છે, બહારમાં બીજા પાપ દેખાય છે. સાત વ્યસન લીધા છેને? શિકાર છે, દારૂ છે, માંસ છે, અનેક પ્રકારના તીવ્ર પાપના પરિણામ છે એ જીવોને પાપ તરીકે દેખાય છે પણ મિથ્યાત્વનું પાપ એથી અનંતગુણું છે એ દેખાતું નથી.

મૂળ વિષય જ આ છે. જૈનદર્શનમાં પાયાની જે વાત કરી છે એ આ વાત કરી છે કે મિથ્યાત્વ છે એ એક ભયંકર પરિણામ છે જીવને કે જે અનંત અનંત કાળ જીવને જન્મ-મરણના પરિભ્રમણમાં રખડાવે છે. એની ભયંકરતા સમજીને કોઈપણ પ્રકારે એટલે પૂરા ઉદ્યમથી, કોઈપણ પ્રકારે એટલે જે પ્રકાર છે તે એક પ્રકારે પૂરા ઉદ્યમથી, પૂરા પ્રયત્નથી, આયુષ્ય પૂર્ણ થાય એ પહેલા એણે મિથ્યાત્વનો અભાવ કરવો જોઈએ. એ પરિણામને છેદવા જોઈએ. અને આત્મા જે મૂળ સ્વરૂપે છે એનો શ્રદ્ધામાં એણે સ્વીકાર કરવો જોઈએ. અસ્તિ નાસ્તિથી એક જ વાત છે. પોતાના મૂળ શુદ્ધ સિદ્ધપદને સ્વીકારવું, એ છે એમ એની હયાતીને શ્રદ્ધામાં ગ્રહણ કરવી અને એ ગ્રહણ થતાં એ સિવાયના સર્વ તત્ત્વોમાં, અન્ય તત્ત્વમાં મમત્વનો અભાવ થવો, એ પ્રકારમાં એણે પૂરા પ્રયત્નથી આવવું જોઈએ. પૂરા ઉદ્યમથી રાત-દિવસ પાછળ પડી જઈને એ સ્થિતિએ એને પહોંચવું જોઈએ. નહિતર ભવભ્રમણ છે એમાં ફરી ફરીને એ પ્રયત્ન કરવાની સુધ રહે, બુધ રહે એ પરિસ્થિતિ જીવની રહેતી નથી.

મોટા ભાગે તો એ પરિસ્થિતિ છે કે એનો વિચાર સુદ્ધા કરવા તૈયાર નથી. મનુષ્ય થયા પછી પણ બહુભાગ જીવોને તો પુણ્ય-પાપના છેદ કરવાની અને વીતરાગી ધર્મની નિર્દોષતા પ્રાપ્ત કરવાની વાત રુચતી નથી. સાંભળવી રુચે નહિ. અમે કરીએ છીએ એ કરવા દો અમને. અત્યારે અમારે આ જ કરવું છે. આ સર્વસ્વ થઈ પડ્યું છે. વર્તમાનમાં જે એના ઉદયિક ભાવો છે એ એવા સર્વસ્વપણે જીવ કરે છે કે એને બીજું કરવું રુચતું નથી. એ પરિસ્થિતિ થાય છે. (૨૧:૨૦ મિનિટ સુધી)

(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં...)

***

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી-સીડી-૧૧-A



પ્રશ્ન :- પોતાની ભૂમિકાની યોગ્યતામાં વિકારી ભાવોને જે છોડવા માગે છે તે પોતાની વર્તમાન ભૂમિકા સમજી શકતો નથી.

ઉત્તર :- પોતાની ભૂમિકા?

પ્રશ્ન :- પોતાની ભૂમિકાને યોગ્ય થતાં વિકારી ભાવોને જે છોડવા માગે છે તે પોતાની વર્તમાન ભૂમિકા સમજી શકતો નથી. પછી તેઓ આગળ કહે છે માટે તેનું જ્ઞાન મિથ્યા છે.

ઉત્તર :- એનું જ્ઞાન મિથ્યા છે?

પ્રશ્ન :- આગળ છે પછી, એ પછી આપને કહું.

ઉત્તર :- પોતાની ભૂમિકાને યોગ્ય એટલે કે પોતે પોતાની ભૂમિકા સુધારવાની હોય છે. વિભાવભાવ છોડવા જતાં પોતાની ભૂમિકા જો સુધરે તો વિભાવભાવો છૂટે છે. જો એને વિભાવથી છૂટવાની ભાવના હોય તો પોતાની ભૂમિકા પોતે સુધારવાની હોય છે.

પ્રશ્ન :- પોતાની ભૂમિકા એટલે?

ઉત્તર :- પોતે અંદરથી પોતાને જે અંતરમાંથી આગળ જઈને પછી સહેજે વિભાવભાવો ન આવે એમ. અંદરમાંથી પોતાને જ્ઞાયકતા, જ્ઞાતાધારા એ બધું પ્રગટે તો સહેજે એની ભૂમિકાને યોગ્ય હોય તે પ્રમાણે એની દશા રહે છે. વિભાવભાવ રુચતા ન હોય તો ભૂમિકા સુધારવી જોઈએ.

પ્રશ્ન :- એ ભૂમિકા જ્ઞાયકના આશ્રયે સુધરે છે.

ઉત્તર :- જ્ઞાયકના આશ્રયે સુધરે છે, બીજી કોઈ રીતે સુધરતી નથી.

પ્રશ્ન :- ગુરુદેવનું એમ કહેવું છે કે ખરેખર વિકારીભાવો જે ત્રીજી ભૂમિકામાં આવે છે એને છોડવાનો પ્રયત્ન કરવા કરતા તું જ્ઞાયકને ઓળખીને, જ્ઞાયકનો આશ્રય લઈને તું ભેદજ્ઞાન કર એમ કહેવું છે?

ઉત્તર :- હા. એમ કહેવું છે. વિભાવભાવોને લક્ષે વિભાવભાવો છૂટતા નથી. વિભાવભાવો છોડ્યા કરું... છોડ્યા કરું... એમ (નહિ). પણ તારી ભૂમિકા તું જ્ઞાયકતા પ્રગટ કર તો સહેજે છૂટી જાય છે. પણ જિજ્ઞાસુની ભૂમિકામાં એમ આવે કે આ વિભાવભાવો મને રુચતા નથી, કેમ છૂટે? પણ એનો સાચો માર્ગ નથી મળતો એટલે એને છોડવાની ભાવના આવે. પણ એનો માર્ગ સાચો શું છે તું એને ગ્રહણ કર. ખરી રીતે યથાર્થ ક્યારે છૂટે? કે પોતાની ભૂમિકા સુધરે તો. તારી ભૂમિકા, તું જ્ઞાયકતા પ્રગટ કર, ભેદજ્ઞાન પ્રગટ કર તો તારા વિભાવભાવો યથાર્થ રીતે છૂટે છે. નહિતર તો અશુભમાંથી શુભભાવો એવી રીતે એ છૂટે છે, વાસ્તવિક રીતે છૂટતા નથી. એટલે એનો અર્થ એમ નથી કે અશુભ ભાવોમાં જ પડ્યું રહેવું. એવો અર્થ નથી. એને અશુભમાંથી શુભભાવના વિચારો આવે મુમુક્ષુને પણ એનો સાચો માર્ગ શું છે એને તું ઓળખ એમ કહે છે.

પ્રશ્ન :- તો માતાજી ! ગુરુદેવે મિથ્યાદૃષ્ટિ એને કેમ કહ્યું? એમ કહ્યુંને કે તેની ભૂમિકાને યોગ્ય થતાં વિકારી ભાવોને

જે છોડવા માગે છે તે પોતાની વર્તમાન ભૂમિકા સમજી શક્યો નથી માટે તેનું જ્ઞાન મિથ્યા છે.

ઉત્તર :– જ્ઞાન મિથ્યા છે કે વિભાવભાવો છોડવાનો માર્ગ એ સમજ્યો નથી કઈ રીતે છૂટે એ અને માત્ર બહાર જ સુધાર્યા કરે છે, બહારનો સુધારો કર્યા કરે છે એટલે એનું જ્ઞાન સાચું નથી. માર્ગને ઓળખતો નથી. એને બહારથી જ સુધારો કરવા માગે છે માટે. એને લક્ષ જેને જ્ઞાયક ઉપર નથી, માત્ર ઘણા જીવો બહારથી જ સુધારો કર્યા કરે છે. અશુભભાવોનો સુધારો કર્યા કરે પણ એ વાસ્તવિક છૂટતા નથી માટે એનું જ્ઞાન સાચું નથી. બહારથી સુધારો કર્યા કરે છે.

પ્રશ્ન :– બહારથી એટલે કે શુભનું અવલંબન લઈને અશુભને છોડવા માગે છે.

ઉત્તર :– શુભનું અવલંબન લઈને અશુભભાવો છોડવા માગે છે અને પછી માર્ગને જાણતો નથી. આત્મા તરફ કોઈ દૃષ્ટિ નથી કે આત્માને લક્ષે છૂટે. એને એનું કાંઈ ધ્યેય નથી. તો એનું જ્ઞાન (ખોટું છે). કષાયોની મંદતા જીવે અનંત વાર કરી છે એમ. મંદ કષાય કરીને મુનિપણું લઈ લીધું, બહારથી બધો સુધારો કર્યો પણ એનું જ્ઞાન સાચું નથી. એવી રીતે એને વાસ્તવિક છૂટતું નથી. એ માત્ર એને વૈરાગ્યથી બધું છૂટી જાય છે પણ ખરી રીતે અંતરમાંથી છૂટતું નથી. માટે એનું જ્ઞાન સાચું નથી. એમ.

પ્રશ્ન :– માટે સાચો ઉપાય પણ એ છે કે પોતાની ભૂમિકાને સુધારવાનો પ્રયત્ન કરવો.

ઉત્તર :– ભૂમિકાને સુધાર તું. અંદરથી માર્ગ સાચો ગ્રહણ કર.

પ્રશ્ન :– માતાજી! એ જ બોલમાં આગળ છે. અને જેને વર્તતા વિકારી ભાવોનો નિષેધ આવતો નથી.. એક જ બોલ છે. બહુ લાંબો હતો એટલે ટૂકડો કરી નાખ્યો હતો. અને જેને વર્તતા વિકારી ભાવોનો નિષેધ આવતો નથી પરંતુ મીઠાશ વેદાય છે તો તે પણ વસ્તુસ્વરૂપ સમજ્યો નથી તેથી તેનું જ્ઞાન મિથ્યા છે.

ઉત્તર :– વર્તતા વિભાવભાવોનો જેને નિષેધ નથી આવતો અને મીઠાશ વર્તે છે. જે ભાવો છે આ રાખવા જેવા નથી, આ મારો સ્વભાવ નથી (એમ) એનો નિષેધ આવતો નથી અને અંતરમાં ઊંડાણમાં મીઠાશ રહે છે તોપણ એનું જ્ઞાન સાચું નથી, એ પણ ખોટું છે. અને જે વગર સમજે છોડવા માગે છે તોપણ જ્ઞાન ખોટું છે. અને અંદર મીઠાશ વેદ્યા કરે અને નિષેધ નથી તોપણ જ્ઞાન ખોટું છે.

પ્રશ્ન :– ક્યાં ઊભા રહેવું?

ઉત્તર :– એ ઊભો ક્યાં રહેશે? આત્માને ઓળખ, આત્માનું ધ્યેય કર. અંતરમાં મીઠાશ વેદ્યા કરે. ઉપર ઉપરથી આ ઠીક નથી, ઠીક નથી. અંતરમાં તો એની ઊંડાણમાં મીઠાશ ઊભી છે તો એનું જ્ઞાન ખોટું છે. જે થવાનું હશે એ થાશે એમ કર્યા કરે છે. આત્મામાં ક્યાં કાંઈ છે, આ બધું છૂટવાનું હશે ત્યારે છૂટશે. એનો કાંઈ નિષેધ નથી, અંદરથી નિષેધ આવતો નથી. આત્માના સ્વભાવમાં કાંઈ છે નહિ. આ બધું છૂટવાનું હશે ત્યારે છૂટશે એવા ભાવો છે એનું જ્ઞાન સાચું નથી. અંદરમાં વિભાવનો આદર બધો ઊભો છે, મીઠાશ ઊભી છે અને મારા આત્મામાં કાંઈ નથી એમ કરીને ઊભો છે. પુરુષાર્થ કાંઈ કરતો નથી તો એનું જ્ઞાન ખોટું છે.

પ્રશ્ન :– છોડવા માગે છે એનું જ્ઞાન પણ મિથ્યા કહ્યું અને નિષેધ વર્તતો નથી એનું જ્ઞાન પણ મિથ્યા.

ઉત્તર :– એનું જ્ઞાન પણ ખોટું છે.

પ્રશ્ન :– તો પછી અસ્તિથી...

ઉત્તર :– પોતે અસ્તિથી ઉપડવું કે હું જ્ઞાયક છું. મારા વસ્તુમાં, સ્વભાવમાં તે નથી પણ પર્યાયમાં છે માટે જ્ઞાયકને ગ્રહણ કરીને, પુરુષાર્થ કરીને જ્ઞાયકની પરિણતિ પ્રગટ કરવાનો પ્રયત્ન કરે. એમ. અંદર મારા સ્વભાવમાં નથી પણ પર્યાયમાં છે. એટલે એ પર્યાય એ મારું સ્વરૂપ મૂળ દ્રવ્યમાં નથી પણ પર્યાયમાં છે. માટે એને પુરુષાર્થ કરીને ભેદજ્ઞાન

દ્વારા, એને ભેદજ્ઞાનથી જ્ઞાયકને ગ્રહણ કરીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને એ છૂટે છે. માટે એનો માર્ગ ગ્રહણ કરે છે.

પ્રશ્ન :- વિકલ્પ સન્મુખ ન થતાં જ્ઞાયક સન્મુખ થઈને, જ્ઞાયક સન્મુખ થાય તો એ એને સાચો ઉપાય છે?

ઉત્તર :- સાચો ઉપાય છે. વિભાવ છોડવાનો સાચો ઉપાય જ્ઞાયકને ગ્રહણ કરતા સહેજે છૂટી જાય છે. હું જ્ઞાયક છું, હું જાણનાર છું મારા સ્વરૂપમાં તે નથી. યથાર્થપણે જ્ઞાયક ગ્રહણ કરે. આમ બોલવા ખાતર નહિ. અંદરથી ગ્રહણ કરે છે એને વિભાવ છૂટે છે.

પ્રશ્ન :- માતાજી! પ્રવચનસાર? એમાંથી પ્રશ્ન ઉઠ્યો છે કે જ્ઞાનીનો કોઈપણ દોષ દેખાય તો તેના પ્રત્યેનો એ અવિનય ગણાય છે. કોઈપણ દોષ દેખાય તો એ અવિનયમાં જાય ખરો?

ઉત્તર :- પોતે દોષદૃષ્ટિથી જોવે છે માટે એ અવિનય છે. દોષદૃષ્ટિથી જોવે છે માટે અવિનય છે. બાકી જ્ઞાનીની ભૂમિકા સમજે (કે) સમ્યગ્દૃષ્ટિની કઈ ભૂમિકા હોય, અણુવ્રતધારીની કઈ ભૂમિકા હોય મુનિઓની એમ ભૂમિકા સમજે એ જુદી વાત છે. બાકી દોષની દૃષ્ટિ હોય કે એમની આટલી તો ભૂલ થાય છે, આ ભૂલ થાય છે એમ દોષદૃષ્ટિથી જોવે તો અવિનય છે.

પ્રશ્ન :- દોષદૃષ્ટિમાં આપે ખુલાસો એ કર્યો કે આનો આટલો દોષ છે એમ જોવું તે દોષદૃષ્ટિ છે?

ઉત્તર :- આટલો દોષ છે. તે દોષદૃષ્ટિ છે. તે બરાબર નથી, એટલો એનો દોષ છે, જ્ઞાનીનો એટલો દોષ છે. એમ જોવે છે તે દોષદૃષ્ટિ છે.

પ્રશ્ન :- ભૂમિકાનું જ્ઞાન હોવું એ તો જેમ છે એમ.

ઉત્તર :- જેમ છે એમ જ્ઞાન તો હોય. આત્માર્થીને બધું જ્ઞાન હોય પણ એને આમ ન હોવું જોઈએ, એવી જે દૃષ્ટિ છે એ દોષદૃષ્ટિ છે. માટે અવિનય છે.

પ્રશ્ન :- એક દૃષ્ટાંત આપીને માતાજી હું ખુલાસો મારા હૃદયનો કરું કે ગુરુદેવ જ્યારે બધાને પ્રસાદી આપતા હતા ત્યારે અમુક લોકો એમ કહેતા હતા કે આ બરાબર નથી. કોઈની ટીકા માટે આપને પૂછતો નથી, તો એ એમકે દોષ જોયોને એમાં એણે?

ઉત્તર :- ... છે. એમ અર્થ થાવો જોઈએ. એ તો (પૂજ્ય ગુરુદેવ) નિવૃત્તિ પામીને આપણી ઉપર કૃપા કરે છે એમ અર્થ આવવો જોઈએ.

***

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ઑક્ટોબર–૨૦૨૧)નું શુલ્ક ડૉ. મહેશભાઈ મહેતા, મુંબઈ. હ. ધર્મેન્દ્રભાઈ વોરા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**




### પત્રાંક-૨૭૭

**વવાણિયા, ભાદ્રપદ વદ ૭, બુધ, ૧૯૪૭**

ચિત્ત ઉદાસ રહે છે; કંઈ ગમતું નથી; અને જે કંઈ ગમતું નથી તે જ બધું નજરે પડે છે; તે જ સંભળાય છે. ત્યાં હવે શું કરવું ? મન કોઈ કાર્યમાં પ્રવૃત્તિ કરી શકતું નથી. જેથી પ્રત્યેક કાર્ય મુલતવાં પડે છે; કાંઈ વાંચન, લેખન કે જનપરિચયમાં રુચિ આવતી નથી. ચાલતા મતના પ્રકારની વાત કાને પડે છે કે હૃદયને વિષે મૃત્યુથી અધિક વેદના થાય છે. સ્થિતિ કાં તમે જાણો છો કાં સ્થિતિ વીતી ગઈ છે તે જાણે છે, અને હરિ જાણે છે.

***

### પત્રાંક-૨૭૮

**વવાણિયા, ભાદ્રપદ વદ ૧૦, રવિ, ૧૯૪૭**

'આત્મામાં રમણ કરી રહ્યા છે, એવા નિર્ગ્રંથ મુનિઓ પણ નિષ્કારણ ભગવાનની ભક્તિમાં પ્રવર્તે છે, કારણ કે ભગવાનના ગુણો એવા જ છે.'

– ૧શ્રીમદ્ ભાગવત, ૧ સ્કંધ, ૭ અ., ૧૦ શ્લોક.

***

### પત્રાંક-૨૭૯

**વવાણિયા, ભાદ્રપદ વદ ૧૧, સોમ, ૧૯૪૭**

જીવને જ્યાં સુધી સંતનો જોગ ન થાય ત્યાં સુધી મતમતાંતરમાં મધ્યસ્થ રહેવું યોગ્ય છે.

***

### પત્રાંક-૨૮૦

**વવાણિયા, ભાદ્રપદ વદ ૧૨, ભોમ, ૧૯૪૭**

જણાવ્યા જેવું તો મન છે, કે જે સત્સ્વરૂપ ભણી અખંડ સ્થિર થયું છે (નાગ જેમ મોરલી ઉપર); તથાપિ તે દશા વર્ણવવાની સત્તા સર્વાધાર હરિએ વાણીમાં પૂર્ણ મૂકી નથી; અને લેખમાં તો તે વાણીનો અનંતમો ભાગ માંડ આવી શકે; એવી તે દશા તે સર્વનું કારણ એવું જે પુરુષોત્તમસ્વરૂપ તેને વિષે અમને તમને અનન્ય પ્રેમભક્તિ અખંડ રહો; તે પ્રેમભક્તિ પરિપૂર્ણ પ્રાપ્ત થાઓ એ જ પ્રયાચના ઇચ્છી અત્યારે અધિક લખતો નથી.

***

---

**૧. आत्मारामाश्च मुनयो निर्ग्रंथा अप्युरूक्रमे।**
**कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः।। સ્કંધ ૧, અ.૭, શ્લોક ૧૦**